દિવ્ય ભાસ્કર, ગાંધીનગર, પાના નંબર- ૦૨
તારીખ :- ૦૨/૦૬/૨૦૨૬.

# ઓવરસ્પીડિંગ વધતાં ગતિ મર્યાદા યાદ કરાવવા બોર્ડ વધારવા પડ્યાં




શહેરના મુખ્ય રસ્તા સારા થયા પછી વાહનો બેફામ દોડી રહ્યા છે જેના કારણે અકસ્માતોમાં વધારો થયો છે. ખાસ કરીને મેટ્રો રૂટમાં અકસ્માતો વધારે બનતા હોવાથી સ્પીડ નિયંત્રણ માટે પાટનગર યોજના વિભાગે મેટ્રો રૂટ પર લેન મુજબ સ્પીડ લિમિટના વધુ બોર્ડ મૂક્યા છે. આ માર્ગો પર કારની મહત્તમ ગતિ મર્યાદા 60 કિલોમીટર પ્રતિ કલાક, બસ ઉપરાંત અને ટુ- થ્રી વ્હીલર માટે 40 કિલોમીટરની સ્પીડ લિમિટ અગાઉ જ નક્કી કરાયેલી છે પરંતુ વાહનચાલકોને સતત ખ્યાલ રહે તે માટે મેટ્રોના પીલર પર પણ સ્પીડ લિમિટના બોર્ડ મૂકવામાં આવ્યા છે. શહેરના માર્ગો પર આ ગતિ મર્યાદાનું પાલન થાય તો અકસ્માતની સંખ્યા મહત્તમ ઘટી શકે છે.